# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મહિલા અને બાળ વિકાસ શિખર સંમેલનને સંબોધશે.

2. કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 4 અઠવાડિયામાં મોટર અકસ્માત દાવા સંબંધિત 4 ડિજિટલ પ્લેટફોર્મને એકીકૃત કરવા સર્વોચ્ચ અદાલતનો નિર્દેશ.

3. તમિળનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં પાંચ વિધાનસભા બેઠક અને આસામની એક લોકસભા બેઠકની પેટાચૂંટણી માટે મતગણતરી ચાલી રહી છે – પુડુચેરીની થટ્ટનચાવાડી બેઠક પર ઓલ ઈન્ડિયા NR કોંગ્રેસનો વિજય.

4. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય આજે દીવમાં સામાજિક સશક્તિકરણ અને સુરક્ષા યોજનાઓના અમલીકરણ અંગે પ્રાદેશિક સમીક્ષા બેઠક યોજશે.

5. કચ્છના ખાવડા નજીક થયેલા માર્ગ અકસ્માતમાં 7 ના મોત.

6. ક્રિકેટમાં આજે ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે બીજો T20 મુકાબલો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM -WOMEN AND CHILD DEVELOPMENT SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના બે દિવસીય શિખર સંમેલનના સમાપન સત્રમાં હાજરી આપશે. ગઈકાલે શરૂ થયેલ આ સંમેલનમાં તમામ રાજ્યોના રાજકીય નેતાઓ અને મહિલા અને બાળ વિકાસ ક્ષેત્ર સાથે સંકળાયેલા અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

પ્રસ્તુત છે એક અહેવાલ...

**(BYTE – SAKLEN)**

# SC CURBS CLAIM FRAUD

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર અઠવાડિયામાં મોટર અકસ્માત દાવાઓ સંબંધિત ચાર ડિજિટલ પ્લેટફોર્મને એકીકૃત કરવાનો નિર્દેશ આપ્યો. જેથી છેતરપિંડીવાળા વીમા દાવાઓને રોકી શકાય અને વળતરની પતાવટ ઝડપી બને. પ્લેટફોર્મમાં e-DAR, VAHAN, SARATHI અને વીમા માહિતી બ્યુરોનો સમાવેશ થાય છે. અદાલતે બધા રાજ્યોને વિલંબ કર્યા વિના e-DAR પોર્ટલ પર સંબંધિત ડેટા અપલોડ કરવાનો નિર્દેશ આપતા કહ્યું કે થોડા રાજ્યોએ જ આ કાર્યવાહી શરૂ કરી છે.

ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને પ્રસન્ના બી. વરાલેની બેન્ચે અદાલતના અગાઉના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ ચોક્કસ વીમા કંપનીઓના વડાઓને અવમાનના નોટિસ પણ જારી કરી. આ મામલાની આગામી સુનાવણી 27 નવેમ્બરે થશે.

# SITHARAMAN SINGAPORE

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વિપક્ષીય આર્થિક સંબંધોને મજબૂત બનાવવા અને રોકાણને વેગ આપવા માટે આજથી 11 ઓક્ટોબર સુધી સિંગાપોરની સત્તાવાર મુલાકાતે છે.

મુલાકાત દરમિયાન, તેઓ સિંગાપોરના રાષ્ટ્રપતિ , પ્રધાનમંત્રી અને અન્ય વરિષ્ઠ નેતાઓને મળશે. જેમાં વેપાર , રોકાણ, ડિજિટલ ફાઇનાન્સ, સેમિકન્ડક્ટર્સ, અદ્યતન ઉત્પાદન અને કૌશલ્ય વિકાસ જેવા મુદ્દે ચર્ચા કરશે.

નાણામંત્રી વૈશ્વિક રોકાણકારો અને વ્યવસાયિક નેતાઓ સાથે પણ વાતચીત કરશે.

# BY-ELECTION-COUNTING

તમિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં પાંચ વિધાનસભા બેઠકો અને આસામની એક લોકસભા બેઠક ની પેટાચૂંટણી માટે મતગણતરી ચાલી રહી છે. દરમિયાન પુડુચેરીમાં થટ્ટનચાવાડી વિધાનસભા પેટાચૂંટણી માટે મતગણતરી પૂર્ણ થઈ ગઈ છે. આ બેઠક પર ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસના ઉમેદવાર અશોક આનંદે 8 હજાર 482 મતોથી વિજય મેળવ્યો છે.

તમિલનાડુ વિધાનસભાની મદુરંતકમ અને ધારાપુરમ પેટાચૂંટણીમાં , શાસક ટીવીકે પાર્ટી બંને બેઠકો પર આગળ ચાલી રહી છે.

# SOCIAL JUSTICE - REGIONAL REVIEW MEETING

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દેશના પશ્ચિમ ક્ષેત્રમાં સામાજિક સશક્તિકરણ અને સુરક્ષા યોજનાઓના અમલીકરણની વ્યાપક સમીક્ષા કરવા માટે આજે દીવમાં એક પ્રાદેશિક સમીક્ષા બેઠક યોજશે.

મંત્રાલયના સચિવ સુધાંશ પંત બેઠકને સંબોધિત કરશે. આ બેઠકનો ઉદ્દેશ્ય મંત્રાલય, ભાગીદાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટ વચ્ચે સંસ્થાકીય સંકલનને મજબૂત બનાવવાનો અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ કાર્યક્રમોના અસરકારક, પારદર્શક, જવાબદાર અને પરિણામલક્ષી અમલીકરણની ખાતરી કરવાનો છે.

આ બેઠકમાં રાજસ્થાન, ગોવા અને મહારાષ્ટ્ર રાજ્યોના વરિષ્ઠ પ્રતિનિધિઓ , દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટના વરિષ્ઠ અધિકારીઓ હાજરી આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

# SEVA SANKALP ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે એ અંગેની અમારી વિશેષ શ્રેણીમાં, આજે સરકાર દ્વારા વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા ત્રિપુરામાં મહત્વાકાંક્ષી જિલ્લા અને વાઇબ્રન્ટ ગામડા યોજનાઓ દ્વારા આ દ્રષ્ટિકોણને કેવી રીતે અમલમાં મૂકવામાં આવ્યો છે તે અંગે વાત કરીશું...

## (CAPSULE: NIKITA SHAH)

*"નીતિ આયોગના મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ હેઠળ , ત્રિપુરાના ધલાઈ જિલ્લામાં ઉલ્લેખનીય પરિવર્તન આવ્યું છે. માતૃત્વ આરોગ્યસંભાળ, પ્રાથમિક શિક્ષણ, , સૂક્ષ્મ સિંચાઈ અને ગ્રામીણ માર્ગ જોડાણ લક્ષિત હસ્તક્ષેપોએ જિલ્લાના સામાજિક-આર્થિક આધારરેખાને સતત ઉપર ઉઠાવી છે. રીઅલ-ટાઇમ ડેલ્ટા રેન્કિંગ અને પ્રદર્શન પ્રોત્સાહનો દ્વારા સંચાલિત, ધલાઈ- એ દેશભરમાં ટોચના પ્રદર્શન કરનારા જિલ્લાઓમાં સ્થાન મેળવ્યું છે, જે દર્શાવે છે કે ડેટા-આધારિત શાસન અને સ્થાનિક સંસાધન સંકલન આદિવાસી પટ્ટાને પાયાના વિકાસના મોડેલમાં કેવી રીતે પરિવર્તિત કરી શકે છે. સ્થાનિક હાથવણાટ, ઇકો-ટુરિઝમ અને સરહદી વેપારને સમર્થન આપીને, આ પહેલ સ્થાનિક વ્યવસાયને પ્રોત્સાહન આપે છે, સ્થળાંતરને અટકાવે છે અને સક્રિય, સ્થિતિસ્થાપક સરહદી સમુદાયો બનાવીને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવે છે.*

હ્ષ્યમુખ પંચાયત સમિતિના અધ્યક્ષ કહે છે...

(S/B-BYTE)

*આ કેન્દ્રીય યોજનાઓ ત્રિપુરાના દૂરના આંતરિક અને સરહદી વિસ્તારોમાં વિકાસના અંતરને દૂર કરી રહી છે. આ પ્રયાસોનો ઉદ્દેશ્ય દૂરના ગામોથી લઈને આંતરરાષ્ટ્રીય સરહદ પરના ગામડાઓ સુધી , દરેક નાગરિક રાજ્યની વિકાસ યાત્રામાં ભાગ લે એ સુનિશ્ચિત કરવાનો છે.*

નીકીતા શાહ આકાશવાણી સમાચાર, અમદાવાદ."

# RAJNATH-TERRITORIAL ARMY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે પ્રાદેશિક સેનાના સ્થાપના દિવસ નિમિત્તે તમામ રેન્ક , ભૂતપૂર્વ સૈનિકો અને પરિવારોને અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી સિંહે કહ્યું કે પ્રાદેશિક સેના 'નાગરિક ભી , સૈનિક ભી ' ની ભાવનાનું ઉદાહરણ આપે છે જે સામાન્ય નાગરિકોના અસાધારણ પ્રતિબદ્ધતા સાથે રાષ્ટ્રની સેવા કરવાના સંકલ્પને મૂર્તિમંત કરે છે.

# SCINDIA-WORLD POST DAY

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે વિશ્વ પોસ્ટ દિવસ નિમિત્તે તમામ ડાક સેવકોને શુભેચ્છા પાઠવીને રાષ્ટ્ર પ્રત્યેની તેમની સમર્પિત સેવા બદલ તેમનો આભાર માન્યો. સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી સિંધિયાએ કહ્યું કે , 'ડાક સેવા એ જન સેવા છે '. તેમણે જણાવ્યું કે ડિજિટલ સંદેશાવ્યવહારના યુગમાં, ઇન્ડિયા પોસ્ટ પણ ડિજિટલ પરિવર્તનને અપનાવી રહ્યું છે અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ છે.

# ACCIDENT

ગુજરાતના        કચ્છના ખાવડા નજીક આજે વહેલી સવારે થયેલા માર્ગ અકસ્માતમાં 7 લોકોના મોત થયાં છે

મળતી માહિતી મુજબ ખાવડા નજીક સવારે શ્રમિકોને લઈ જતી બોલેરો ગાડી ને હેવી ટ્રકે ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્મત સમયે બોલેરોમાં  15થી વધુ કામદારો સવાર હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટનામાં ઇજાગ્રસ્તો ને સારવાર માટે ખસેડાયા છે.

# HOUTHIS---SAUDI-ATTACKS

હુથી બળવાખોરોએ ગઈકાલે સાઉદી અરેબિયા પર નવા મિસાઈલ હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે.

**(BYTE: WN---MUKESH-BAL)**

યુએઈના વિદેશ મંત્રાલયે આ હુમલાઓને સાઉદી અરેબિયાના સાર્વભૌમત્વનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે.

# CRICKET

ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી 20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચ આજે રાંચીના જેએસસીએ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે.

ભારત શ્રેણીમાં 1-0થી આગળ છે.

# NBA-FUND

એપ્રિલ અને સપ્ટેમ્બર દરમિયાન ભારતના જૈવિક સંસાધનોના વપરાશકર્તાઓ પાસેથી રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળ- NBA ને પહોંચ અને લાભ વહેંચણી યોજના હેઠળ 9 કરોડ 68 લાખ રૂપિયા પ્રાપ્ત થયા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે NBA એ 2008 થી અત્યાર સુધીમાં આશરે 278 કરોડ રૂપિયા એકત્રિત કર્યા છે અને જૈવવિવિધતા સંરક્ષણ અને દેશભરના સમુદાયો, ખેડૂતો, સંસ્થાઓ અને અન્ય લાભાર્થીઓ માટે 200 કરોડ રૂ. થી વધુનું વિતરણ કર્યું છે.